PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા-03/૨૦૨૩-૨૪/ ૬૧-૧ તારીખ : ૦૪ - ૦૧ - ૨૦૨૪

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી દીલીપસિંહ દેવીસિંહ જાડેજા
બ્લોક નં.૨૯ મયુર સોસાયટી, સામેકાઠે, ત્રાજપર પાસે ,
મું. પો. : મોરબી , તા. : મોરબી, જી. : મોરબી,
પીન કોડ. : ૩૬૩૬૪૨
મોબાઈલ : ૯૮૭૯૨૩૦૩૧૭

વિષય : ઘરવપરાશ લાઈટબીલમાં વીજજોડાણના પુરવણીબીલના વગર વ્યાજના હપ્તા કરી આપવા અંગે.

સંદર્ભે: આપશ્રીની રજુઆત તા. ૨૬-૧૦-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૪/ક્વા-03/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

**નકલ સાદર રવાના :**

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, મોરબી-૧.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મોરબી શહેર-૨.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૪/ક્વા-૩/૨૩-૨૪/૬૧-૧ તા. ૦૫-૦૧-૨૦૨૪

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

નોંધણી નંબર -૧૪/ક્વા-૩/૨૩-૨૪, તા.૨૭-૧૦-૨૦૨૩

અરજદાર : દીલીપસિંહ દેવીસિંહ જાડેજા, મુ.: મોરબી

રજૂઆત કરનાર : પ્રથમ મુદત : ગેરહાજર
બીજી મુદત : અરજદારશ્રી દિલીપસિંહ દેવીસિંહ જાડેજા

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી -૧, મોરબી

રજૂઆત કરનાર : પ્રથમ મુદત : પી.પી.બાવરવા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી –૧ મોરબી અને તેમની સાથે શ્રી એમ.એ.રાજયગુરૂ, અધિક્ષક હિશાબનીશ મોરબી વિભાગીય કચેરી નં.૧
બીજી મુદત : એમ.એન.મીઠાપરા સીનીયર આસીસ્ટન્ટ મોરબી શહેર પેટાવિભાગીય કચેરી-૨, મોરબી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા
૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી પી.જે.મહેતા
૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૨-૧૨-૨૦૨૩ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૨.૧૧.૨૦૨૩ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં પીજીવીસીએલ પક્ષકાર તરફથી પી.પી.બાવરવા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી –૧ મોરબી અને તેમની સાથે શ્રી એમ.એ.રાજયગુરૂ, અધિક્ષક હિશાબનીશ પેટાવિભાગીય કચેરી નં-૧ મોરબી હાજર રહેલ હતા પરંતુ અરજદાર વતી કોઈ હાજર રહેલ ન હોવાથી અરજદારને બીજી મુદત તા.૦૮.૧૨.૨૦૨૩ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવલ હતી જે અનિવાર્ય કારણોસર રદ કરેલ ત્યારબાદ તા.૨૨.૧૨.૨૦૨૩ (શુકવાર) ના રોજ સુનાવણી કરવામાં આવેલ. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી મોરબી શહેર-૨ પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નંબર ૮૪૩૦૭/૦૨૨૩૭/૮ થી ઘરવપરાશનું લાઈટીંગ વીજજોડાણ દીલીપસિંહ દેવીસિંહ જાડેજાના નામથી ધરાવે છે. સદર વીજજોડાણમાં લેબરીપોર્ટ નં.૪૧૫૧ તા.૦૪.૦૯.૨૦૨૩ ના આધારે પેન્ડીગ યુનિટનું રૂ.૪૪૦૬૦૯=૭૨ નું પૂરવણીબીલ આપવામાં

આવેલ છે, સદર બીલ ૦૭ દિવસમાં ભરપાઈ કરવાનું જણાવેલ છે. સદર રકમ વધારે હોય આર્થીક પરીસ્થીતી મુજબ ભરપાઈ થઇ શકે તેમ ન હોવાથી, વ્યાજ વગરના ૩૬ હપ્તા કરી આપવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે. વધુમાં રસીદ નંબર ૪૪૫૦૭૩ થી રૂા.૫૦૦૦૦/- ભરપાઈ કરી આપેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકારની લેખિત રજુઆત પત્ર નં.૬૩૩૭ તા.૦૯.૧૧.૨૦૨૩ અને પત્ર નં. ૪૯૧૨ તા.૨૦.૧૧.૨૩ મુજબ તા.૧૦.૦૮.૨૦૨૩ નાં રોજ જામનગર ચેકિંગ સ્કવોડ દ્વારા ચેકિંગ કરવામાં આવતા ગ્રાહકશ્રી દિલીપસિંહ દેવીસિંહ જાડેજા ગ્રાહક નં. ૮૪૩૦૭/૦૨૨૩૭/૮ નાં કનેક્શનમાં પેન્ડીંગ યુનિટ નીકળતા સદર ગ્રાહકનું ૧૪૫ PRT લેજરની ચકાસણી કરતા માલુમ પડેલ કે સદર ગ્રાહકને માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૪ થી ઓગ-૨૩ સુધીમાં ૨૮ વખત L ના બીલ, ૧૫ વખત N નાં બીલ, અને ૧૪ ZERO નાં બિલ આપવામાં આવેલ છે. આમ ટોટલ ૫૭ વખત L, N, ZERO નાં બીલ આપવામાં આવેલ છે, સદર બીલોને કંપનીના નિયમાનુસાર ટેરીફ મુજબની ગણતરી કરતા કુલ પેન્ડીંગ યુનિટ ૬૭૨૨૧ ની ૫૭ બીલની એવરેજ ગણતાં ૧૧૭૯ યુનિટનું એવરેજ બીલ રૂ.૪૪૦૬૦૯=૭૨ થાય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

3.૧ સદર ગ્રાહકનું જામનગર ચેકિંગ સ્કવોડ દ્વારા તા.૧૦.૦૮.૨૦૨૩નાં રોજ કરવામાં આવેલ ચેકિંગ બાદ ઓક્ટો-૨૩માં ૧૪૦૪ યુનિટનું બીલ આપવામાં આવેલ છે, જે જોતા માલુમ પડે છે કે ગ્રાહક દ્વારા દરરોજ સરેરાશ ૨૫ યુનિટનો વપરાશ થાય છે, જે મુજબ અરજદારને આપવામાં આવેલ એવરેજ ૧૧૬૯ યુનિટનું બીલ યોગ્ય જણાય છે.

3.૨ સદર બિલની ગ્રાહકને બજવણી થતા ગ્રાહકે કચેરીની રૂબરૂ મુલાકાત લઈ બિલમાં હપ્તા બાબતની રજૂઆત કરેલ ત્યારે ગ્રાહકને સદર બિલમાં મહતમ ૦૬(છ) હપ્તામાં બિલની ભરપાઈ કરવાનું જણાવેલ હતું તથા વ્યાજ માફીની કાયદામાં કોઈ જોગવાઈ ન હોવાનું સમજાવેલ હતું.

3.3 સદર ફરિયાદી અરજદાર દ્વારા ઉપરોક્ત બીલ અન્વયે રૂ.૫૦૦૦૦ રસીદ નંબર UD ૪૪૫૦૭૩ તા.૧૦.૧૦.૨૦૨૩ થી ભરેલ છે. તેમજ વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૩ સુધીનો ૧૪૫ PRT રીપોર્ટ, સદર ગ્રાહકને આપવામાં આવેલ પુરવણી બિલ, ચેકિંગશીટની નકલ તેમજ લેબોરેટરી રિપોર્ટ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## ::હુકમ::

૪.0 અરજદારે તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી મોરબી શહેર-૨ પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નંબર ૮૪૩૦૭/૦૨૨૩૭/૮ થી RGPU ટેરીફનું ૦.૫ કીવોનું ઘરવપરાશનું લાઈટીંગ વીજજોડાણ દીલીપસિંહ દેવીસિંહ જાડેજાના નામથી ધરાવે છે.

૪.૨ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૦.૦૯.૨૦૨૩ ના રોજ રૂ.૪૪૦૬૦૯=૭૨ નું પૂરવણીબીલ આપવામાં આવેલ છે, જે અરજદારની આર્થિક પરિસ્થિતિ મુજબ વધારે લાગતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ૩૬ વ્યાજ વગરના હપ્તા કરી આપવા રજૂઆત કરેલ છે.

૪.3 સદર વીજજોડાણ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૧૦.૦૮.૨૦૨૩ ના રોજ ચેકિંગ શીટ નં JRD-24584 મુજબ કોર્પોરેટ ડ્રાઇવ અંતર્ગત સદર વીજજોડાણની ચકાસણી કરતા બીલમાં મીટર સ્ટેટસ "N" છે, અને રીડીંગ ૭૩૯૫ છે, અને જોડાયેલ કુલ વીજભાર ૫.૫૮૮ કીવો નોંધાયેલ છે. જયારે સદર મીટરના હાલના રીડીંગ ૭૪૫૩૬ જોવા મળેલ છે, જેથી પેન્ડીંગ યુનીટ (૭૪૫૩૬-૭૩૯૫) અન્વયે નિયમ મુજબ કાર્યવાહી કરવાની નોધ કરેલ છે.

૪.૪ ત્યારબાદ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૧૧.૦૮.૨૩ ના રોજ વીજ ચેકિંગ સીટ નં.૪૬૮૫ થી ગ્રાહક પ્રતિનિધિની હાજરીમાં મીટરને પેપરપેક કરેલ છે જેની વિગત નીચે મુજબ છે.

**Meter Make : L&G**
**Meter Serial No : 0479667**
**Capacity : 5-20 A**
**Reading : 74615.7 KWH**

સદર મીટરની લેબોરેટરીમાં તપાસણી ગ્રાહક પ્રતિનિધિની હાજરીમાં તા.૦૪.૦૯.૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ જે રીપોર્ટ મુજબ મીટરનો એક્યુચેક ટેસ્ટ લેતા પરિણામ બરાબર આવેલ છે, જેમાં મીટરના છેલ્લા રીડીંગ ૭૪૬૧૫.૭ યુનીટ નોંધાયેલ છે, જે અનુસંધાને પીજીવીસીએલના પત્ર નં-૫૩૩૧ તા.૨૦.૦૯.૨૦૨૩ થી રૂ.૪૪૦૬૦૯.૭૨ નું પુરવણીબીલ આપવામાં આવેલ છે, જે અન્વયે અરજદાર દ્વારા રૂ.૫૦૦૦૦ તા.૧૦.૧૦.૨૦૨૩ થી ભરેલ છે.

૪.૫ અરજદાર ગ્રાહકના વીજજોડાણમાં થયેલ વિજવપરાશની વિગત માહ ડિસેમ્બર-જાન્યુઆરી-૧૪ થી પી.આર.ટી.-૧૪૫ મુજબ નીચે મુજબ નોંધાયેલ છે.

| Month/ Year | 2014 | | | 2015 | | | 2016 | | | 2017 | | | 2018 | | | 2019 | | | 2020 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | S | U. | C.R. | S | U. | C.R. | S | U. | C.R. | S | U. | C.R. | S | U. | C.R. | S | U. | C.R. | S | U. |
| Dec-Jan | 7395 | | 314 | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | 0 | | 7395 | N | 230 |
| Feb-Mar | 7395 | L | 230 | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | | 0 | 7395 | 0 | | 7395 | N | 0 |
| Apr-May | 7395 | L | 230 | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | | 0 | 7395 | 0 | | 7395 | N | 0 |
| Jun-Jul | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | | 0 | 7395 | 0 | | 7395 | N | 0 |
| Aug-Sep | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | | 0 | 7395 | 0 | | 7395 | N | 0 |
| Oct-Nov | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | L | 0 | 7395 | | 0 | 7395 | 230 | N | 7395 | N | 0 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| Month/ Year | 2021 | | | 2022 | | | 2023 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | S | U. | C.R. | S | U. | C.R. | S | U. |
| Dec-Jan | 7395 | | 0 | 7395 | L | 230 | 7395 | N | 0 |
| Feb-Mar | 7395 | | 0 | 7395 | L | 230 | 7395 | N | 0 |
| Apr-May | 7395 | | 0 | 7395 | L | 0 | 7395 | N | 0 |
| Jun-Jul | 7395 | N | 230 | 7395 | L | 0 | 7395 | N | 0 |
| Aug-Sep | 7395 | N | 230 | 7395 | N | 0 | | | |
| Oct-Nov | 7395 | | 0 | 7395 | N | 0 | 2427 | | 1023 |

(Note : C.R.-Current Reading, S –Meter Status, U-Unit, N-Not Reachable, L-Lock)

૪.૬ સદર કેસમાં લાગુ પડતી બાબતો નામદાર GERC ના ધારાધોરણ–એટલેકે નોટીફીકેશન નંબર : ૦૪/૨૦૧૫ માં નીચે મુજબના ક્લોઝ નોંધાયેલ છે.

ક્લોઝ નં. ૬.૨૧ “કોઇપણ કારણસર બિલ તૈયાર કરવાના કામ દરમ્યાન મીટર વાંચવામાં ન આવે, તો પરવાનેદાર વાંચન લેવાયેલ હોય તે છેલ્લા ત્રણ મહિનાના સત્રમાં સરેરાશ વપરાશને આધારે કામચલાઉ બિલ તૈયાર કરશે, આવી કામચલાઉ બિલ તૈયાર કરવાની વ્યવસ્થા સળંગ બે બિલીંગ અવધિ (સાઇકલ) કરતાં વધુ સમય માટે ચાલુ રહેશે નહીં. બિલ તૈયાર કરવાની બે અવિધ (સાયકલ) પછી પણ મીટર વાંચન શક્ય ન હોય તો પરવાનેદાર, ગ્રાહકને લાગુ પડતા ન્યૂનતમ ચાર્જ અને/અથવા નિયત ચાર્જ માટે બિલ મોકલશે.”

ક્લોઝ નં. ૬.૨૨ “જો મીટર બે અનુક્રમિક મીટર વાંચન તારીખે અલભ્ય રહે તો તે ગ્રાહકને નિર્દિષ્ટ તારીખ અને (નોટિસની તારીખ પછી ઓછામાં ઓછા ૭ દિવસ) સમયે વાંચન માટે મીટર સુલભ કરવામાં આવે તેવી નોટીસ મોકલાશે.”

ક્લોઝ નં. ૬.૨૩ "નિર્દિષ્ટ તારીખે પણ મીટર સુલભ ના હોય તો, ૭ દિવસની અંદર મીટર વાંચન કરાવી લેવા માટેની નોટિસ પરવાનેદાર, જો ગ્રાહક ઉપલબ્ધ હોય તો તેને આપશે અથવા તેની જગ્યાના મુખ્ય પ્રવેશ દ્વાર પર ચોંટાડશે. આમ કરવામાં ગ્રાહક નિષ્ફળ ગયે, પૂરવઠો કાપી નાખવામાં આવશે."

ક્લોઝ નં. ૬.૫૭ મુજબ "સ્થળ પરની બિલ સિસ્ટમમાં ન આવરી લેવાયેલ બધા કેસોમાં જો પરવાનેદાર મીટર વાંચી શકે તેમ ન હોય તો, આગલાં ૩ બિલોની સરેરાશ વપરાશના આધારે કામચલાઉ બિલ આપી શકશે. આમ છતાં પરવાનેદારે સુનિશ્ચિત કરવું કે આવું કામચલાઉ બીલીંગ, સળંગ બે બીલીંગ અવધિથી વધુ લંબાવવું જોઇએ નહિ અને એક નાણાકીય વર્ષ દરમ્યાન બે કરતાં વધુ કામચલાઉ બિલ એક ગ્રાહક માટે બનેલા હોવા જોઇએ નહી. આવા કામચલાઉ બિલો પછીના ખરેખર મીટર વાંચનને આધારે સરભર કરવા."

૪.૭ ઉપરોક્ત કોષ્ટક નં - (૨) મુજબ અરજદારને માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૦ નું "N" સ્ટેટ્સનું વીજબીલ અપાયેલ છે. ત્યારબાદ માહે એપ્રિલ-મે-૨૦૨૦ થી માહે જુલાઈ-ઓગસ્ટ-૨૦૨૨ સુધીના તમામ ૧૫ વીજબીલો લોકના અપાયેલ છે, જે નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૬.૨૧ થી ૬.૨૩ મુજબ પીજીવીસીએલ દ્વારા કાર્યવાહી કરાયેલ નથી જે ખુબજ ગંભીર બાબત છે. પીજીવીસીએલ દ્વારા જે તે વખતે સમયસર નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ હોતતો સદર પ્રકારની ફરિયાદ ઉપસ્થિત થવા ન પામત. ૪.૮ જે ખરેખર ખુબજ ગંભીર બાબત હોવાથી જવાબદાર અધિકારી/કર્મચારી સામે કંપનીના નિયમ મુજબ કાર્યવાહી કરવી. આ પ્રકારની બેદરકારીનું પુનરાવર્તન ન થાય તે અંગે જરૂરી નિયમાધીન કાર્યવાહી વર્તુળ કચેરી દ્વારા કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૮ અરજદારની રજૂઆત મુજબ તેઓને ભરપાઈ કરવા પાત્ર સદર રકમ વધારે લાગતી હોય, સદર બાકી રકમ માટે વ્યાજ વગરના સમાન ૦૩ (ત્રણ) માસિક હપ્તા ફોરમ દ્વારા સંજોગોને ધ્યાને લઇને કરી આપવામાં આવે છે. સદર વ્યાજ વગરના સમાન ૦૩ (ત્રણ) માસિક હપ્તા અરજદારે તા.૧૦-૦૧-૨૪ તા.૧૦-૦૨-૨૪ અને તા.૧૦-૦૩-૨૪ સુધીમાં ભરપાઈ કરવાના રહેશે, અરજદાર દ્વારા ઉપર મુજબ હપ્તાની રકમ ભરપાઈ કરવામાં ન આવે તો, પીજીવીસીએલ દ્વારા નિયમ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં ૪.૭ અને ૪.૮ મુજબની બન્ને પક્ષકારોને સુચના આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.જે.મહેતા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧, ફોન નં - ૦૨૮૧-૨૯૯૪૧૨૫.